# દાંતીવાડા તાલુકા પંચાયતમાં અમુક વિભાગોમાં અધિકારીઓની મનમાની !

## ગરીબ અને અભણ પ્રજાને એક ટેબલથી બીજા ટેબલે ખાવા પડે છે ધરમધક્કા !

દાંતીવાડા, તા. ૨૫

દાંતીવાડા તાલુકા પંચાયતમાં સી.સી.ટીવી કેમેરા ના હોવાથી અધિકારીઓ પોતાની કામગીરી નિષ્ઠાપૂર્વક નિભાવતા નથી અને જો સી.સી.ટીવી કેમેરા હોય તો ગરીબ અને અભણ પ્રજા સાથે આ અધિકારીઓ કેવો કરે છે વ્યવહાર એ થઇ શક છૅ કેમેરામાં કેદ.



મળતી માહિતી અનુસાર દાંતીવાડા તાલુકા પંચાયત માં આજરોજ ઓઢવા ગામના એક ગરીબ અને અભણ ખેડૂત એવા માળી ખેતાજી પોતે પોતાના ઘરે બનાવેલ શૌચાલય નો કેશ લઇ તમામ ડોક્યુમેન્ટ તેમજ તલાટી ના સહિસિક્કા આવેલ પરંતુ પોતે અભણ હોવાથી કયા ટેબલ પર જવું તેની ખાશ માહિતીના હોવાથી પોતે બે થી ત્રણ ટેબલ ની મુલાકાત કરેલ પરંતુ પોતાનું કામ ના થતા અંતે નિરાશ તેમજ ધરમધક્કા ખાઈ પાછા ફર્યા ત્યારે કાકાનો પુત્ર મીડિયા મિત્રોને ઓળખતો હોવાથી મીડિયા મિત્રોનો સહારો લઈ ફરીથી તાલુકા પંચાયાત ઓફિસ માં ગયેલ ત્યારે દાંતીવાડા તાલુકાનું સાચું ચિત્ર બહાર આવેલ કે અધિકારીઓ પોતાના ટેબલની કામગીરી નેવે મૂકી બીજા ટેબલના અધિકારીઓ જોડે ગપ્પાબાજી કરતા જોવા મળેલ ત્યારે મીડિયા કર્મીઓને જોતા પોતાના ટેબલ પર પરત ફરી પોતાની કામગીરી સાંભળી અને કાકા ને કહેલ કે અમે તમારું શૌચાલય જોઈ તમારું કામ કરી આપશું.

શું આ ગરીબ અને અભણ ખેડૂત કાકા ને આ અધિકારીઓ દ્વારા પેલા આવો જવાબ નતો આપી શકતો? દાંતીવાડા તાલુકા વિકાસ અધિકારી આનાથી અજાણ છે ? કે પછી અધિકારીઓ ફક્ત એજન્ટો થી જ કામગીરી કરી આપે છે ? ત્યારે ગરીબ અને અભણ પ્રજા ક્યાર સુધી સાચા લાભથી વંચિત રહે છે? આવનારા સમયમાં જ હવે ખબર પડે. આ સમગ્ર ભવાઈ શૌચાલયોની છે.

# સાયરા ગામની સીમમાં કારમાંથી ૬૬ હજારનો વિદેશી દારૂ ઝડપાયો



મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાની રતનપુર ચેકપોસ્ટ, ઉન્ડવા સરહદ અને રેલ્લાવાડા નજીક રાજસ્થાન આંતરરાજ્ય સરહદ પરથી બુટલેગરો દ્વારા ગુજરાત રાજ્યમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવી વધુ નાણા કમાઈ લેવા ગેરકાયદેસર રીતે વિદેશી દારૂ ઘુસાડવા યેનકેન પ્રકારે પ્રયત્નશીલ હોય છે. જિલ્લા એલસીબી પોલીસે સાયરા ગામની સીમમાંથી પસાર થતી હોન્ડા સીટી કારને અટકાવી ગાડીમાંથી ૬૬ હજાર વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી બે આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

જિલ્લા એલસીબી પોલીસ સાયરા નજીક ગેબીનાથ મહાદેવ મંદિર નજીક પેટ્રોલીંગમાં હતી ત્યારે રાજસ્થાન તરફથી આવી રહેલી શંકાસ્પદ હોન્ડા સીટી (ગાડી નં. જીજે૧.એચએ.૭૮૧૮)ને અટકાવી તલાશી લેતા કારમાંથી વગર પાસ પરમીટનો ગેરકાયદેસર ઈંગ્લીશ દારૂ તથા બીયરની જુદી જુદી બોટલ ટીન કુલ નંગ ૬૬૧ કિંમત રૂ. ૬૬,૧૦૦ તેમજ કારની કિંમત રૂ. ૨ લાખ, મોબાઈલ ફોન રોકડ મળી કુલ ૨,૬૮,૧૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી અબ્દુલ મુજકીર અબ્દુલ હમીદ ગુલામનબી શેખ (રહે. સરસપુર, અમદાવાદ તેમજ જાવેદ સલીમખાન મુસ્લીમખાન પઠાણ રહે. વેજલપુર, અમદાવાદની ધરપકડ કરી કારમાંથી દારૂ ભરી આપનાર મહેશ તેમજ જેને દારૂ પહોંચાડવાનો હતો તે શખ્સ મુકેશભાઈ ખત્રી (રહે. વાડજ, અમદાવાદ સામે પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# તલોદ નાગરીક બેંકમાં એજન્ટો દ્વારા કાળુ નાળુ ટકાવારીથી વ્હાઈટ કરવાની ફરીયાદો

તલોદ, તા. ૨૫

તલોદમાં વેપાર-વાણીજ્યક્ષેત્રે રાજ્યમાં ઉચ્ચસ્થાન હોવાથી કરોડોની રકમ તલોદ નાગરીક બેંકમાં રોજીંદુ ટર્ન ઓવર થતુ હોય છે. આ સમૃદ્ધ બેંક નોટબંધી સમયથી જુનું ચલણી નાણું બેંકના હોદ્દેદારો અને કેટલાક કર્મચારીઓ મળી ટકાવારીના ધારા ધોરણથી કેટલાક એજન્ટો દ્વારા આ નાણું વ્હાઈટ કરી આપવાની બૂમરાણ ગ્રાહકો દ્વારા કરવામાં આવી છે.

અત્યારે હાલ ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નાણુ બદલવા માટે બેંક દ્વારા અત્યાર સુધી કોઈપણ દિવસ લેવડ-દેવડ થઈ નથી તેમ છતાં આવા ખાતા સોધી સોધી તેમના એકાઉન્ટમાં આ નાણાં ટકાવારીથી ફેરબદલી કરી આપવામાં આવે છે. બેંકીંગ ક્ષેત્રમાં કામ કરતા કેટલાક કર્મચારીઓ મસ-મોટી જરૂરીયાતવાળા લોકોને ઊંચી ટકાવારી લઈ વ્યાજે નાણા ધીરતા હોવાનું પણ ખાતેદારો દ્વારા ચર્ચાઈ રહ્યું છે. આવા વહિવટથી આ ધમધમતી બેંકમાં ટર્નઓવર દિન-પ્રતિદિન ઘટી રહ્યું છે. જેથી જનરલ સભામાં કાગળ પરજ કરોડોનો નફો સભાસદોને બતાવી બેંકની પરિસ્થિતિ કથળતી હોવાનું પણ જણાવી રહ્યાં છે.

બેંકમાં આવતી કેશ રકમ એક જ કલાકમાં ચુકતે કરી ગ્રાહકોને તગડી મુકાય છે. અહી નાણાંથી વંચિત ગ્રાહકોને આવતીકાલે વહેલા આવવા જણાવી દેવાય છે અને બપોર પછી સુમ-સામ આ બેંકોમાં તેમના જ મળતીયાઓ ઘી કેળાની રીતે ભાગલાવાદી વહિવટ કરતા હોય તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. બેંકના ડીરેક્ટરો અને ચેરમેનો સુધી અનેક રજુઆતોથી આવતા આ ગ્રાહકોનો રેલો તેઓ સારી ભાષામાં ફોસલાવી પોતાના હોદ્દાને વિશ્વાસનિયતા હોવાનું જણાવી રહ્યા છે.

# ટીંટોઈ-બામણવાડને જોડતા રસ્તા માટે બે કરોડ મંજુર કરતા ખાતવિધિ સંપન્ન



મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના સહુથી મોટી વસતી ધરાવતા ટીંટોઈ ગામથી બામણવાડ ગામને જોડતા સીધા રોડની ૧૯૯૫થી સતત રજુઆતો અને માંગ પછી આખરે રાજ્યના બાંધકામ મંત્રીએ આ રોડ માટે રૂ. બે કરોડની માતબર રકમ મંજુર કરતા આજરોજ ટીંટોઈ ગામે સ્થાનિકો અને રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં આ રોડની ખાતવિધિ કરવામાં આવી હતી.

ટીંટોઈથી બામણવાડ ગામને જોડતા રસ્તાની ખુબ વર્ષો જુની માંગ સંતોષાતા બંને ગામોના સ્થાનિકો અને ખેડૂતોમાં હર્ષની લાગણી વ્યાપી ગઈ છે. જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ જણાવ્યું છે કે તાજેતરમાં જ મોડાસા અને ધનસુરા તાલુકાઓમાં ૧૨ કરોડથી વધુ રકમના રસ્તા મંજુર કર્યા પછી રાજ્યના બાંધકામ વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ખુબ જ જરૂરીયાતવાળો અને જેની સ્થાનિકો બે દાયકાથી પ્રતિક્ષા કરી રહ્યા હતા તેવા ટીંટોઈ-બામણવાડના રોડ માટે રૂ. બે કરોડ મંજુર કરતા આજે આ રોડનું ખાતમુહૂર્ત કરાયું હતું.

આ રોડનું ખાતમુહૂર્ત પ્રસંગે બંને રાજકીય પક્ષોના ચૂંટાયેલા પદાધિકારીઓ ટીંટોઈ ગામના સરપંચ મધુબેન પંડ્યા અનો ગ્રામજનો, તાલુકા અને જિલ્લાના અને ગામના સહકારી અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા.

# પાલનપુરમાં સગીર યુવતી ઉપર બળાત્કાર કરનાર ઝડપાયો

## માસુમ બાળકી ને પ્રેમજાળમાં ફસાવી મોબાઇલમાં ફોટા પાડી બદનામ કરવાની ધમકી આપી

પાલનપુર, તા. ૨૫

બનાસકાંઠા ના પાલનપુર શહેરમા એક ૧૬ વરસની નાબાલિકને ફોસલાવીને પ્રેમજાળમા ફસાવીને બળાત્કાર કરનાર અને અશ્લીલ ફોટા બતાવીને માસુમ બાળકીને બ્લેકમેલ કરનાર નરાધમ ઈસમને પોલીસે ઝડપી પાડ્યો છે.

આ અંગે વિગતો આપતા પૂર્વ પોલીસ મથક ના પોલિસી ઇન્સ્પેકટર જે ડી મેવાડા એ પત્રકારોને જણાવેલ કે બનાસકાંઠાના પાલનપુરમા બળાત્કાર અને બ્લેકમેલિંગનો એક સનસનીખેજ મામલો સામે આવ્યો છે જેમાં એક ૧૬ વરસ ની એક કિશોરીને પરેશાન કરતા તેના પાડોશમાં રહેતા એક ૨૫ વર્ષના પ્રવીણ દેસાઈ નામના યુવકની કાળી કરતૂત સામે આવી છે પહેલા તો આ આરોપીએ આ માસુમ બાળકીને ફોસલાવી અને પોતાના પ્રેમજાળમાં ફસાવી અને તેની સાથે અનેક વાર બળાત્કાર ગુજાર્યો. ત્યાર પછી આ સગીરાની મોબાઈલથી અશ્લીલ તસ્વીરો લીધી અને સગીરાની મરજી વિરુધ્ધ અવાર નવાર બળાત્કાર કરતો રહ્યો.

આ નરાધમ યુવકના અમાનુષી અત્યાચારથી તંગ આવીને બાળકીએ પોતાની માતાને પુરી વાત કરી તેથી સગીરાની માતાએ આ યુવકને પોતાની પુત્રીથી દૂર રહેવાનું જણાવતા યુવકે પુત્રીની માતાને પોતાના મોબાઈલમાં રહેલી સગીરાની અશ્લીલ તસ્વીરો બતાવીને કહ્યું કે જો તમારે તમારી પુત્રીની ઈજ્જત ખરાબ ના કરવી હોય તો તમારી પુત્રીને અઠવાડિયામાં બે વાર મારી જોડે મુકવી પડશે નહીં તો હું તેના ફોટા ઈન્ટરનેટ પર વાયરલ કરી દઈશ. પણ સગીરાની માતાએ તેની વાત ના માનતા આ યુવકે ફોન કરીને તેમને ધમકીઓ આપવાનું ચાલુ રાખતા આખરે કંટાળીને સગીરાની માતાએ આ યુવક વિરુધ્ધ પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આ નરાધમ યુવકની ધરપકડ કરી અને સગીરાને તબીબી તપાસ માટે મોકલેલ છે.

# હિંમતનગરમાં કોંગ્રેસના કાર્યકરોએ અમદાવાદથી ઉદેપુર જતી ટ્રેન રોકી

## કોંગ્રેસના ૫૦ કાર્યકરોની અટકાયત કરાઈ



હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ દ્વારા નોટબંધીના વિરોધમાં ગઈકાલથી વિરોધ કાર્યક્રમ આપવાના શરૂ કરી દીધા છે. ત્યારે શુક્રવારે જિલ્લા કોંગ્રેસ કાર્યાલયથી હિંમતનગરના જિલ્લા પંચાયત રેલવે ફાટક પાસે રેલવે ટ્રેક પર પહોંચી કોંગ્રેસના કાર્યકરો ટ્રેક પર બેસી ગયા હતા અને અમદાવાદથી ઉદેપુર જતી ટ્રેન રોકવામાં આવી હતી. આ ટ્રેન ૫ મિનિટ સુધી ટ્રેન રોકી ભાજપ વિરોધી અને અમિત શાહ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્યાર બાદ રેલવે પોલીસે ટ્રેનને જવા દીધી હતી. તો પોલીસે રેલ રોકનારા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગોપાલસિંહ રાઠોડ, પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લા યુવા કોંગ્રેસ પ્રમુખ પ્રિયવદન પટેલ, તાલુકા પંચાયતના સભ્ય સુધીર પટેલ, જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ-નિર્મલાબેન પંચાલ સહીત ૫૦ જેટલા કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરી હતી.

# મોડાસામાં કોંગ્રેસી કાર્યકરો દ્વારા નોટબંધી મામલે બસ રોકો આંદોલન





૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટો રદ થયા બાદ જાહેર જનતાને પડતી હાલાકીના પગલે કોંગ્રેસ દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી નોટબંધીનો ઉગ્ર વિરોધ કરી વિવિધ જલદ કાર્યક્રમો આપી પ્રજાને પડતી મુશ્કેલીઓ તાત્કાલીક અસરથી દૂર કરવામાં મદદરૂપ થવા માટે રાજ્યવ્યાપી આંદોલન કરવાનું નક્કી કરાતા ૨૫ નવેમ્બર શુક્રવારના રોજ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મોડાસા શહેરના તમામ પ્રવેશ દ્વારો તેમજ એસ.ટી. મથકમાં બસો રોકી આંદોલન કરવામાં આવ્યુ હતુ. બસોને અટકાવતા પોલીસતંત્ર દોડી આવી કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી વાહનવ્યવહાર પૂર્વરત કરાયો હતો. બસ રોકો આંદોલનમાં જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કમલેન્દ્રસીંહ, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, પ્રદેશ મંત્રી અરૂણભાઈ પટેલ, હુસેનભાઈ ખાલક, માયનોરેટી સેલના કાદરઅલી સૈયદ તેમજ અમીત મકવાણા અને ચીરાગ પટેલ દ્વારા રાજ્ય ધોરીમાર્ગ પર સુઈ જઈ બસો અટકાવી આગામી સમયમાં પ્રજાની હાલાકી દૂર નહિ થાય તો વધુ ઉગ્ર આંદોલન કરવાનુ કોંગ્રેસી આગેવાનોએ એકી સૂરમાં જણાવ્યુ હતુ. ૨૮ નવેમ્બર ભારતબંધના એલાનમાં પ્રજાજનોને જોડાવવા હાંકલ કરી હતી.

# તલોદમાં મોંઘવારી તેમજ નોટબંધીના વિરોધમાં કોંગ્રેસ દ્વારા રેલીનું આયોજન

તલોદ, તા. ૨૫

રાજ્ય વ્યાપી કોંગ્રેસ મોવડી મંડળ દ્વારા ભાજપ સરકારની કામગીરીના વિરોધમાં પ્રાંતિજ, તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંગ બારૈયાની આગેવાનીમાં તલોદના સુભાષચોકથી મોંઘવારી અને નોટબંધીથી આમજનતા મુશ્કેલીમાં સપડાઈ છે. જેના વિરોધ પ્રદર્શનમાં ભાજપ સરકારનો વિરોધ સૂત્રોચ્ચાર સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૂત્રોચ્ચાર તેમજ કોંગ્રેસી કાર્યકરો દ્વારા તલોદમાં શાંતિ સલામતિ ડહોળાય નહી અને વણસેલી સ્થિતિને ધ્યાને રાખી તલોદ પી.એસ.આઈ. આર.આર. દેસાઈ તેમની ટીમ સાથે ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. અને તમામ કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. થોડાક કલાકો બાદ તેમની અટકાયત શાંતિ જોતા મુક્ત કરવામાં આવ્યા હતા.

તલોદમાં કોંગ્રેસની મહારેલીના રાહબરી એવા વિરોધ પક્ષના નેતા પ્રો. રંગુસિંહ સોલંકી, તલોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મંગુભા ઝાલા, તાલુકા પંચાયત પ્રમુખ અમરસિંહ ઝાલા, બાંધકામ વિભાગના ચેરમેન અભેસિંગ ઝાલા, જિલ્લા ઉપપ્રમુખ રાજુભાઈ રાવલ, જિલ્લા સદસ્ય વિનુભાઈ પટેલ, સુનિલભાઈ કોન્ટ્રાક્ટર, બાબુભાઈ પટેલ, દક્ષાબેન પટેલ તેમજ અનેક અગ્રણી આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. કોંગ્રેસના મહારેલી આંદોલનમાં ભાજપ સરકાર દ્વારા મોંઘવારી અને નોટબંધી પ્રકરણે ઉગ્ર રજુઆતોથી સ્થિતિ બેકાબુ બનાવી હતી. જેની સમયસર પોલીસ કામગીરી કરી શાંતિ, સલામતિ જળવાઈ હતી.

# રોકડને બદલે ઈ-પેમેન્ટથી વ્યવહાર કરવા અપીલ

## નોટબંધીના પગલે લોકોની મુશ્કેલીઓ નિવારવા સમીક્ષા બેઠક યોજાઈ

મહેસાણા, તા,. ૨૫

મહેસાણા જિલ્લા કલેકટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને નોટબંધી અંતર્ગત લોકોની મુશ્કેલીઓ નિવારવા માટે ખાસ સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.,આ બેઠકમાં જિલ્લામાં વિવિધ સરકારી, ખાનગી અને સહકારી બેન્કોની ૩૫૫ શાખાઓ આવેલી છે આ શાખાઓમાં સ્થાનિક ગ્રાહકોના જિલ્લામાં જેના બચત ખાતાઓ બાકી હોય તેમના બચત ખાતા ખોલવા માટે ખાસ ડ્રાઈવનું આયોજન કરવા સમીક્ષા કરાઈ હતી.

મહેસાણા જિલ્લામાં શનિવારથી બાકી બચત ખાતાઓ ખોલવાની ડ્રાઈવ કરવાનું આયોજન કરાયું છે. જેમાં જિલ્લાના વિવિધ સ્થળોએ કેમ્પનું આયોજન થનાર છે.

બેઠકમાં જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યું હતું કે જિલ્લામાં દૂધ મંડળીઓના સભાસદો, જી.આઇ.ડી.સીના કામદારો, નાના કામદારો, મજુરો સહિતના લોકોના ખાતાઓ બાકી હોય તેમના ખાતાઓ ખોલવા તાકીદ કરાઈ હતી. જિલ્લામાં શહેરી તથા ગ્રામ્ય સ્તરે તમામના ખાતાઓ ખુલી જાય તે પ્રકારની વ્યવસ્થા કરવા ખાસ સુચના અપાઈ હતી.

મહેસાણા જિલ્લામાં શ્રમઅધિકારી, મ્યુનિસિપલ અધિકારી, જિલ્લા ખેત અધિકારી, જિલ્લા રજિસ્ટ્રાર, ઉધોગ અધિકારીને પોતાના ક્ષેત્રના કામદારો, દૂધ ઉત્પાદકો, શ્રમિકો, ખેડુતો, સહકારી સભાસદો, છુટક મજુરો સહિત જેમના ખાતા બાકી હોય તેઓના ખાતા ખોલવા ખાસ ડ્રાઈવ કરવા સુચના આપી હતી. જિલ્લાના આ અધિકારીઓ દ્વારા શનિવારથી ડ્રાઈવનું આયોજન કરવામાં આવનાર છે.

જિલ્લામાં મહત્વના અધિકારીઓ સાથે બેન્ક અધિકારીઓ સંકલનમા રહીને તમામ બાકી લોકોના ખાતા ખુલે તે પ્રમાણેની શનિવારથી ડ્રાઈવની શરૂઆત થનાર છે.

# બીજ નિગમના બિયારણ ઉપલબ્ધ કરાવવા સહિત અરવલ્લીમાં ખેડૂતો-પશુપાલકોને સહાય માટે કલેક્ટરનો રજૂઆત

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં બીજ નિગમના બિયારણ ઉપલબ્ધ કરાવવા સહિત જિલ્લાના ખેડૂતો-પશુપાલકો માટે નાણાકીય વ્યવસ્થા કરવા અને જિલ્લામાં બીજ નિગમનું કોઈ જ કેન્દ્ર ન હોઈ ખેડૂતોને પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈ જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા જિલ્લા કલેક્ટરને રજુઆત કરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લામાં રાજ્ય સરકારના બિયારણ સપ્લાય કરી રહેલ ગુજરાત રાજ્ય બીજ નિગમનું એક પણ વેચાણ કેદ્ર નથી જેથી ખેડૂતો રવિપાકના બિયારણની ખરીદી કરી શકતા નથી અને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને રવિ પાકમાં અમુક બિયારણની જાત જેવી કે ઘઉ માટે ૧૭૪૩૯૮ અને અન્ય જાતના બિયારણ બીજ નિગમ ખાતે ઉપલબ્ધ નથી. ઉપરાંત જિલ્લાના ખેડૂતો-પશુપાલકો માટે નાણાકીય વ્યવસ્થા કરાય જેથી ભૂમિપુત્રોને આસાનીથી બિયારણ મળી રહે. આ મુદ્દે અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ જિલ્લા કલેક્ટરને રજુઆત કરતાં વધુમાં જણાવ્યું હતું કે ખેડૂતો માટે રવિ પાકના બિયારણ અને ખાતર ખરીદી અંગે જૂની ૫૦૦ અને ૧૦૦૦ની નોટો સ્વીકારવા અંગે તેમજ પશુપાલકોને દૂધના વેચાણની રકમ પ્રતિ અઠવાડીયે રોકડામાં ચુકવાય અને ટુંક સમયમાં આ બાબતે તાકીદે ઘટતુ નહિ કરાય તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચીમકી પણ ઉચ્ચારી હતી.

# થરા નગરપાલિકાના વોર્ડ નં. ૧માં દુષિત પાણી આવતા લોકોમાં રોષ

શિહોર, તા. ૨૫

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરામાં નગરપાલિકના આંખ આડા કાન વોર્ડ નં. ૧ના લોકો



દુષિત પાણી આવતું હોવાની બુમરાડ કરી રહ્યા છે તો તંત્ર આ બાબતે કંઈ પણ કહેવા માટે તૈયાર નથી.

સાંતલપુર જુથ પાણી પુરવઠા યોજનામાંથી રાજપુર સબ હેડ વર્કસમાંથી પાણી છોડવામાં આવે છે. જે રિફાઈન્ડ વગર જ આવતું હોવાથી લોકોમાં રોગ ચાળો ફેલાવવાની ભીતી સેવાઈ રહી છે. સ્થાનિક લોકોના કહેવા પ્રમાણે તેમજ પાણી જોતાં તેમાં સ્પષ્ટ ગંદુ પાણી જોઈ શકાય છે. વાળીનાથ રોડ ઉપર આવેલા વોર્ડ નં. ૧ના લોકો આવું પાણી આવવાથી ના છુટકે પી રહ્યા છે જયારે તંત્ર આ તમાશો જોઈ ભયંકર રોગચાળાની રાહ જોઈ બેઠું હોય તેવું લાગી રહ્યું છે. આમ પાણી જન્ય રોગ ફાટી નીકળે તે પહેલા સુજલામ સુફલામ પ્રોગ્રામ તળે નર્મદા મેઈન કેનાલ આધારિત રાજપુરના સબ હેડ વર્કસમાં તપાસ કરી લોકોને શુધ્ધ પીવા માટે પાણી પુરું પાડવામાં આવે તેવી લોક લાગણી સાથે માંગ ઉઠવા પામી છે.